નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવાના પગલાંના ભાગરૂપે અમલમાં મૂકવામાં આવેલ લોકડાઉન સંદર્ભે માહે એપ્રિલ-૨૦૨૦ દરમ્યાન "ફૂડ બાસ્કેટ" વિનામૂલ્યે આપવા બાબત.

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ

ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪૨૦૨૦/૨૬૩/ક

બ્લોક નં.૧૪/૫, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૮/૦૩/૨૦૨૦

વંચાણે લીધો:-

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા.૨૪/૦૩/૨૦૨૦ નો હુકમ ક્રમાંક ૪૦-૩/૨૦૨૦-ડી

(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૨૬/૦૩/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: પીડીએસ/એપ્રિલ-૨૦૨૦ફૂડ બાસ્કેટ/૧૨૦/૨૦૨૦-૨૧

(૩) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: પીડીએસ/એપ્રિલ-૨૦૨૦ફૂડ બાસ્કેટ/૧૨૦/૨૦૨૦-૨૧

આમુખ:-

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવાના પગલાના ભાગરૂપે ભારત સરકારના ગૃહ મંત્રાલયના વંચાણે લીધેલ (૧) ના હુકમથી તા.૨૫/૦૩/૨૦૨૦ ની અસરથી ૨૧ દિવસ માટે બંધ (લોકડાઉન) સમગ્ર દેશમાં અમલમાં મૂકવામાં આવેલ છે. લોકડાઉનના આ સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્યની ગરીબ જનતાને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આપવામાં આવતા અનાજ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ માહે એપ્રિલ-૨૦૨૦ માસમાં "ફૂડ બાસ્કેટ" તરીકે વિનામૂલ્યે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ: –

આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની આવશ્યક ચીજવસ્તુઓ માહે એપ્રિલ-૨૦૨૦ દરમ્યાન "ફૂડ બાસ્કેટ" તરીકે વિનામૂલ્યે આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતાં અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબોને માસિક કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા ઘઉં રૂ. ૨ પ્રતિ કિ.ગ્રાના ભાવે તથા ૧૦ કિ.ગ્રા ચોખા રૂ. ૩ પ્રતિ કિ.ગ્રાના ભાવે વિતરણ કરવામાં આવતું અનાજ વિના મૂલ્યે આપવામાં આવશે. તથા અગ્રતા ધરાવતા કુટુંબોને માસિક વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કિ.ગ્રા ઘઉં રૂ. ૨ પ્રતિ કિ.ગ્રા. ના ભાવે તથા ૧.૫૦૦ કિ.ગ્રા ચોખા રૂ. ૩/- પ્રતિ કિ.ગ્રાના ભાવે વિતરણ કરવામાં આવતું અનાજ એપ્રિલ માસમાં વિના મૂલ્યે આપવામાં આવશે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતાં કુટુંબોને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા મુજબ રૂ. ૫૦/- ની પડતર કિમંતની દાળ એપ્રિલ માસમાં વિના મૂલ્યે આપવામાં આવશે.

(૩) અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબોને રૂ. ૧૫/- પ્રતિ કિલોના ભાવે તથા બી.પી.એલ રેશન કાર્ડધારકોને રૂ. ૨૨/- ના પ્રતિ કિલોના ભાવે હાલના પ્રમાણ મુજબ મળવાપાત્ર ખાંડનો જથ્થો એપ્રિલ માસમાં વિના મૂલ્યે આપવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતાં કુટુંબો પૈકી ઉકત કુટુંબો સિવાયના તમામ કુટુંબોને હાલની રૂ. ૪૧/- ની પડતર કિમંતની કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. ખાંડ એપ્રિલ માસમાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે.

(૪) અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબો તથા બી.પી.એલ રેશન કાર્ડધારકોને રૂ.૧/-ના ભાવથી હાલના પ્રમાણ મુજબ મળવાપાત્ર રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠાનો જથ્થો એપ્રિલ માસમાં વિના મૂલ્યે આપવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતાં કુટુંબો પૈકી ઉકત કુટુંબો સિવાયના તમામ કુટુંબોને હાલની રૂ.૭/- ની પડતર કિમંતનું કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠું એપ્રિલ માસમાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે.

(૫) અન્નમ બ્રહ્મ યોજનાની પાત્રતા ધરાવતા લોકોને હાલમાં ફકત ૧૦ કિ.ગ્રા અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે તેવા લાભાર્થીઓને માહે એપ્રિલ-૨૦૨૦ માટે અગ્રતા ધરાવતા કુટુંબના વિતરણ પ્રમાણ મુજબ વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા વિનામૂલ્યે મળવાપાત્ર થશે. આ ઉપરાંત ૧ કિ.ગ્રા. ખાંડ, ૧ કિ.ગ્રા. મીઠું અને ૧ કિ.ગ્રા. દાળ પણ વિના મૂલ્યે મળવાપાત્ર થશે.

(૬) ઉક્ત પારા-૧ થી ૫ અંગે રાજય સરકારે ભોગવવાના વધારાનો ખર્ચ સંબંધિત યોજના હેઠળ કરવામાં આવતી બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૭) હાલમાં કોરોના વાયરસની વ્યાપક અસરના કારણે તકેદારીના પગલાંરૂપે સેનેટાઇઝર માટે ૫૦૦ સુધી રેશન કાર્ડ ધરાવતી વાજબી ભાવની દુકાનને રૂ. ૫૦૦ તથા ૫૦૦ રેશન કાર્ડથી વધુ રેશન કાર્ડ ધરાવતી વાજબી ભાવની દુકાનને રૂ. ૧૦૦૦ નો ખર્ચ મજરે આપવામાં આવશે. આ અંગે રાજય સરકારે ભોગવવાના વધારાનો ખર્ચ એન.એફ.એસ.એ. યોજના હેઠળ રાજય સરકારના ફાળા પેટે કરવામાં આવતી બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૮) સદર ઠરાવ અન્વયે યોગ્ય લાભાર્થીઓને વિનામૂલ્યે મળવા પાત્ર જથ્થો મળી રહે તે નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગરે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૯) સદરહુ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનો રહેશે.

સદર ઠરાવ નાણા વિભાગ તથા સરકારશ્રીની તા.૨૭/૦૩/૨૦૨૦ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના પટેલ)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.
(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
(૩) સર્વે કલેકટરશ્રીઓ.
(૪) અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૫) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

<u>નકલ જાણ સારૂ રવાના:-</u>
(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન.(રા.ક.) મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના, અગ્ર રહસ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, બ્લોક નં. ૪, ગાંધીનગર.
(૬) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
(૮) આ વિભાગની ક૧-શાખા તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
(૮) સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
(૯) સીલેક્ટ ફાઇલ.
(૧૦) અંગત ફાઇલ.